Surat Municipal Corporation
e-Magazine
Issue 30
Dec. 9, 2005

## 'આર્મી શો' ના આયોજન અંગે સુરત મહાનગરપાલિકાને ટ્રોફી–મોમેન્ટો એનાયત

સૂરત ખાતે તાજેતરમાં યોજાઈ ગયેલા લશ્કરના પ્રદર્શનની સફળતાથી ભારતીય સેનાના ઉચ્ચ અધિકારીઓ તેમજ જવાનો વતી સારી રીતે કાર્યક્રમનું આયોજન કરવા બદલ સ્થાનિક તંત્રવાહકોને ટ્રોફીઓ તેમજ મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા. ભારતીય સેનાના ઉચ્ચ અધિકારીશ્રી કર્નલ રાજીવ માનકોટિયા તેમજ બટાલિયનના તમામ ઓફિસરો અને વીર જવાનો તરફથી મુખ્યત્વે શહેરની સંસ્થાઓ તથા કલેકટર તથા મહાનગરપાલિકાના વહીવટી તંત્ર ધ્વારા કરવામાં આવેલ કામગીરીથી સમગ્ર કાર્યક્રમનું આયોજન ખૂબ જ સારી રીતે પાર પાડયું હતું અને બે દિવસમાં અંદાજીત ૧૨ થી ૧૩ લાખ લોકોએ લશ્કરના કાર્યક્રમને નિહાળ્યો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>



## ૧ લી ડિસેમ્બર "વિશ્વ એઈડસ દિન" નિમિત્તે મનપા ધ્વારા મેરેથોન દોડ તથા વાહન રેલીનું આયોજન

દરવર્ષે ૧ લી ડિસે મ્બરનો દિવસ વિશ્વમાં " વિશ્વ એઈડસ દિન " તરીકે ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને શ્રીઅંબિકાનીકેતન મેડીકલ ટ્રસ્ટ, શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ, લોકસર્મપણ ટ્રસ્ટ, લોકદ્રષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ, ભગવાન મહાવીર કોલેજ ઓફ ફિજિકલ એજયુકેશન, ઈન્ડીયન મેડીકલ એસોસીયેશન વગેરે સંસ્થાઓનાં સંયુકત ઉપક્રમે મેરેથોન દોડ તથા વાહન રેલીનું અઠવાઝોનના પાર્ટી પ્લોટથી આયોજન કરવામાં આવ્યું હતું....

વધુ માટે કલીક કરો >>>>>>

## વાંચન પ્રેમી શહેરી જનો જોગ

ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓનું સંચાલન અને વ્યવસ્થાપન, શહેરીજનોને સર્વ પ્રકારની પ્રાથમિક સુખાકારી આપવાની ફરજિયાત ફરજ પૂર્ણ કરવામાં સતત પ્રવૃતિશીલ રહે છે તો મરજિયાત કાર્યો અદા કરવામાં સુરત મહાનગરપાલિકામાં અગ્રેસર રહી છે. સંગ્રહાલયો, પ્રાણી બાગ, વનસ્પતિ બાગ બગીચા તેમજ જાહેર વાંચનાલયની સગવડ આપવામાં સુરત મહાનગરપાલિકા ગૌરવ લઈ શકે એમ છે.......

વધુ માટે કલીક કરો >>>>>>





## સતત છ વર્ષથી " સશસ્ત્ર સેના ધ્વજદિન " નો સૌથી વધુ ફાળો એકત્ર કરવા બદલ સુરત મહાનગરપાલિકાને પ્રથમ ઈનામ

દેશના જવાન તથા શહીદોના નિરાધાર પરિવારની યોગ્ય કદર અને તેઓની સાથે એકાત્મા સાધવા તેમજ સૈનિકો અને તેમના પરિવારોના કલ્યાણ અને પુનઃવસવાટની યોજનાઓમાં મદદરૂપ થવા તા. ૭મી ડીસેમ્બરના રોજ " સશસ્ત્ર સેના ધ્વજદિન " ઉજવવામાં આવે છે. જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી, સુરત તરફથી કલેકટર અને પ્રમુખશ્રી, જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરીના અધ્યક્ષપણા હેઠળ તા. ૩૦–૧૧–૨૦૦૫ ના રોજ કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ સમારંભમાં સને–૨૦૦૪ના વર્ષ જીલ્લા કક્ષાએ દેશ સેવાની એક ઉમદા કામગીરી કરી સૌથી વધુ રૂા. ૬,૬૮,૭૪૫/–નો ફાળો એકત્રિત કરવા બદલ સુરત મહાનગરપાલિકાને " પ્રથમ ઈનામ " પ્રાપ્ત થયેલ છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા છેલ્લા આઠ માસમાં રૂપિયા ૨૬૪.૬૩ કરોડની થયેલ જકાત આવક

વર્ષ ૨૦૦૫–૦૬ની મહાનગરપાલિકાની જકાતની આવકનો અંદાજ રૂપિયા ૩૮૦ કરોડ રાખવામાં આવ્યો હતો. ૧લી એપ્રિલથી જકાત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ધ્વારા જકાત આવકના લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જેના પરિણામે મહાનગરપાલિકાની આવકના મુખ્ય સ્ત્રોત સમાન જકાતની આવકના આંકડા જોતા ચાલુ વર્ષે જકાત વિભાગ પોતાનો લક્ષ્યાંક સિધ્ધ કરી શકશે એવી આશા છે. જકાત વિભાગના અધિકારીઓ અને વિજીલન્સ શાખાના સ્ટાફે પણ જકાત ચોરીના દુષણ સામે ઘનિષ્ઠ અભિયાન ચલાવ્યું છે....

વધુ માટે કલીક કરો >>>>>>

## 'આર્મી શો' ના આયોજન અંગે સુરત મહાનગરપાલિકાને ટ્રોફી–મોમેન્ટો એનાયત

સૂરત ખાતે તાજેતરમાં યોજાઈ ગયેલા લશ્કરના પ્રદર્શનની સફળતાથી ભારતીય સેનાના ઉચ્ચ અધિકારીઓ તેમજ જવાનો વતી સારી રીતે કાર્યક્રમનું આયોજન કરવા બદલ સ્થાનિક તંત્રવાહકોને ટ્રોફીઓ તેમજ મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા.

ભારતીય સેનાના ઉચ્ચ અધિકારીશ્રી કર્નલ રાજીવ માનકોટિયા તેમજ બટાલિયનના તમામ ઓફિસરો અને વીર જવાનો તરફથી મુખ્યત્વે શહેરની સંસ્થાઓ તથા કલેકટર તથા મહાનગરપાલિકાના વહીવટી તંત્ર ધ્વારા કરવામાં આવેલ કામગીરીથી સમગ્ર કાર્યક્રમનું આયોજન ખૂબ જ સારી રીતે પાર પાડયું હતું અને બે દિવસમાં અંદાજીત ૧૨ થી ૧૩ લાખ લોકોએ લશ્કરના કાર્યક્રમને નિહાળ્યો હતો. લશ્કરના કાર્યક્રમ સફળ જતાં લશ્કરના ઉચ્ચ અધિકારીઓ ધ્વારા તેના આયોજકો પૈકી કલેકટરાલય, સૂરત મહાનગરપાલિકા, ચેમ્બર ઓફ કોમર્સ તેમજ લશ્કરના પ્રદર્શન માટે વિશાળ મેદાન પુરૂ પાડનાર બિલ્ડર દામોદરભાઈ કચ્છી ધ્વારા બરોડા રેયોન કોર્પોરેશન ગ્રાઉન્ડ  ફાળવવામાં આવ્યું હતું.

ઉપરોકત સંસ્થાઓ ઉપરાંત ઉત્કૃષ્ટ કામગીરી કરનારા સુડાના મુખ્ય કારોબારી અધિકારી અને ઈન્ચાર્જ કલેકટર મહેન્દ્રભાઈ પટેલ ઉપરાંત સૂરત મહાનગરપાલિકાનાં ઉધના ઝોનના ઝોનલ ઓફિસર આઝાદ, જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મહેન્દ્રભાઈ, કલેકટરાલયના નાયબ મામલતદાર પ્રફુલભાઈ પટેલ તથા ચેમ્બર ઓફ કોમર્સના કમિટીના ચેરમેન બ્રિજેશ ખન્નાને અલગ વ્યકિતગત રીતે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

TOP

## ૧ લી ડિસેમ્બર "વિશ્વ એઈડસ દિન" નિમિત્તે મનપા ધ્વારા મેરેથોન દોડ તથા વાહન રેલીનું આયોજન



દરવર્ષે ૧ લી ડિસે મ્બરનો દિવસ વિશ્વમાં "વિશ્વ એઈડસ દિન" તરીકે ઉજવણી કરવામાં આવે છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા અને શ્રીઅંબિકાનીકેતન મેડીકલ ટ્રસ્ટ, શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ, લોકસર્મપણ ટ્રસ્ટ, લોકદ્રષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ, ભગવાન મહાવીર કોલેજ ઓફ ફિજિકલ એજયુકેશન, ઈન્ડીયન મેડીકલ એસોસીયેશન વગેરે સંસ્થાઓનાં સંયુકત ઉપક્રમે મેરેથોન દોડ તથા વાહન રેલીનું અઠવાઝોનના પાર્ટી પ્લોટથી આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલી સવારે ૮:૩૦ કલાકે અઠવાઝોનના પાર્ટી પ્લોટ ખાતે શ્રી મહેશ/નરેશ કનોડીયા ઉપરાંત ગુજરાત સ્ટેટ આઈ.એમ.એ.ના પ્રેસીડેન્ટ શ્રી વિનોદ શાહે લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. જે રેલી આગળ જતા અઠવાલાઈન્સ, આર.ટી.ઓ., મજૂરાગેટ, ઉધનાદરવાજા, દિલ્હીગેટ, લાલદરવાજા થઈ કતારગામ કોમ્યુનીટી હોલ પર ટર્મીનેટ કરવામાં આવી હતી સદરહુ મેરેથોન દોડમાં અંદાજીત ૧૮૦૦ જેટલા દોડવીરો, ૩૦૦ જેટલી મહિલાઓ અને એકતા ટ્રસ્ટ સંચાલિત ૧૦૦ જેટલી રીક્ષાઓ, હિરોહોન્ડા અને મારૂતિવાન જેવા વાહનો રેલીમાં જોડાયા હતા અને વિજેતા ઉમેદવારોને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતુ.

ઉપસ્થિત જનમદની અને મહાનુભાવોનું મહાનગરપાલિકાના ડે. કમિશનર (હે અને હો) ડો. આઈ.સી.પટેલે સ્વાગત કરતા જણાવ્યું હતું કે આ વર્ષનો સંદેશ " વચન પાળો અને એઈડસ અટકાવો " ની મહત્વતા સમજાવી હતી.

પાલિકાના કમિશનર શ્રી પંકજ જોષીએ સૌ દોડવીરો અને સહયોગી સંસ્થાને મેરેથોન દોડના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા અને વધુમાં જણાવ્યું હતું કે એઈડસ એક જીવલેણ રોગ છે અને હાલની રીસર્ચ ફેસીલીટી ઉપલબ્ધ છે તેમ છતા પણ આ રોગથી બચવું ખુબ જ હિતાવહ છે.



અતિથિવિશેષશ્રીઓ ગુજરાતી ફિલ્મના જાણીતા કલાકારો શ્રી મહેશ અને નરેશ કનોડિઆએ જુગલબંધીમાં તાળીઓના ગડગડાટથી " જાગ માલણ જાગ " ગીતના ઢાળથી ગીતગાઈ ઉપસ્થિત જનમેદનીને એઈડસથી બચવા જણાવ્યું હતું. તેમજ વિખ્યાત ક્રિકેટર શ્રી નયન મોંગીયા, શ્રીઅંબિકાનીકેતન મેડીકલ ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રભાઈ કતારગામવાળા, લોકદ્રષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડો. પ્રફુલ્લભાઈ શીરોયા, શ્રીરામકૃષ્ણ ચેરીટેબલના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ ધોળકીયા ઉપરાંત જી.એસ.એન.પી. ના પ્રમુખ શ્રી ઉમેશ પટેલે પણ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.

એસ.એમ.સી., એસ.ટી.ડી. કેરના કાઉન્સેલરોએ શેરીનાટક ભજવી જનજાગૃતિનો સંદેશો આપ્યો હતો અને મેરેથોન દોડના કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ અને પી.સી.ઓ.ના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમની આભારવિધિ એસ.ટી.ડી. કેર પ્રોજેકટના પ્રોજેકટ ઈન્ચાર્જ ડો. વી.વી.પરમારે કરી હતી.

TOP

## વાંચન પ્રેમી શહેરી જનો જોગ




ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓનું સંચાલન અને વ્યવસ્થાપન, શહેરીજનોને સર્વ પ્રકારની પ્રાથમિક સુખાકારી આપવાની ફરજિયાત ફરજ પૂર્ણ કરવામાં સતત પ્રવૃતિશીલ રહે છે તો મરજિયાત કાર્યો અદા કરવામાં સુરત મહાનગરપાલિકામાં અગ્રેસર રહી છે. સંગ્રહાલયો, પ્રાણી બાગ, વનસ્પતિ બાગ બગીચા તેમજ જાહેર વાંચનાલયની સગવડ આપવામાં સુરત મહાનગરપાલિકા ગૌરવ લઈ શકે એમ છે. વસ્તીના વિસ્ફોટ, અપેક્ષાના વિસ્ફોટ અને જ્ઞાનના વિસ્ફોટના સાંપ્રત સમયમાં આ સ્ફોટ સાથે સુખાકારી આપવામાં પણ સુરત મહાનગરપાલિકા જાણે કે વિસ્ફોટ થયો છે. જ્ઞાનના વિસ્ફોટ સામે પ્રજાની વાંચનભૂખને સંતોષવા સુરત મહાનગરપાલિકાનું નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય એક જનરાણું છે આ પુસ્તકાલયમાં A to Z વિષયમાં માતબાર પુસ્તકો, ૧૬૦ જેટલાં દેશી વિદેશી સામયિકો, સંદર્ભે, ગ્રંથો, એનસાઈકલો પીડિયા તેમજ ૫૦ જેટલાં અંગ્રેજી, ગુજરાતી, હિંદી ભાષાના દૈનિકપત્રો તથા અઠવાડિક પત્રોથી સુસજજ છે. ભૌતિક સગવડો આપવામાં પણ સુરત મહાનગરપાલિકા સજાગતા બતાવી રહી છે. ભ કોમ્પ્યુટર અને લાયબ્રેરીનો વિભાગ ની સગવડ નર્મદ લાયબ્રેરીમાં ઉપલબ્ધ છે. કોમ્પ્યુટરરાઈઝએ નર્મદ લાયબ્રેરી આગવું આકર્ષણ રૂપ છે.

તાપી નદીના સામેના કાંઠે અડાજણ વિસ્તાર પણ ખુબ જ ઝડપી ગતિથી દરેક ક્ષેત્રે વિસ્તરી રહયો છે. ત્યારે આ વિસ્તારની જનતા માટે નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય જેવી સાક્ષર ડો. સ્વ. વિષ્ણુ પ્રસાદ ત્રિવેદી વિવિધલક્ષી પુસ્તકાલયનું આયોજન કરી પ્રવૃતિશીલ થયું છે.

સુરત મહાનગરપાલિકા સુરત આટલાથી સંતોષ ન માનતા કદમ આગળ થઈ, શહેરના જુદા જુદા વોર્ડમાં આવેલ ૩૩ જેટલાં વાંચનાલયો (રીડીંગરૂમો)ને નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય સાથે કેન્દ્રીત કરી આ તમામ વાંચનાલયો (રીડીંગરૂમો) થકી શહેરની સમગ્ર વાંચનપ્રિય વસ્તીને આવરી લેવા સવારે ૮:૦૦ થી રાત્રે ૮:૦૦ સતત ખુલ્લા રાખી આ વિસ્તારની જનતા આ વાંચનાલયનો (રીડીંગરૂમો) લાભ લઈ શકશે. એટલું જ નહી પણ સ્થાનિક વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસનું વાંચન લેખન પરીક્ષા વગેરેનું અધ્યયન અહીં કોઈ પણ ફી ભર્યા સિવાય મર્યાદિત સંખ્યામાં કરવાની પણ એક જ ખૂબ જ જરૂરી વ્યવસ્થા કરી વિદ્યાર્થી જગતની અગવડ દૂર કરી સંતોષથી વાંચન લેખન કરી, પરીક્ષાનું પરિણામ સુધારી શકાશે.

તો સુરત મહાનગરપાલિકા વોર્ડ પ્રમાણેના સર્વ સુવિધાયુકત વાંચનાલયોનો (રીડીંગરૂમ) ભરપુર લાભ લેશે એવી અપેક્ષા રાખે છે અને જ્ઞાનની ભુખ ને સંતોષતો મહાનગરપાલિકાનો સંનિષ્ઠ પ્રયત્ન સફળ કરવામાં સહકારની અપેક્ષા પણ રાખે છે.







TOP

## સતત છ વર્ષથી '' સશસ્ત્ર સેના ધ્વજદિન '' નો  સૌથી વધુ ફાળો એકત્ર કરવા બદલ સુરત મહાનગરપાલિકાને પ્રથમ ઈનામ




દેશના જવાન તથા શહીદોના નિરાધાર પરિવારની યોગ્ય કદર અને તેઓની સાથે એકાત્મા સાધવા તેમજ સૈનિકો અને તેમના પરિવારોના કલ્યાણ અને પુનઃવસવાટની યોજનાઓમાં મદદરૂપ થવા તા. ૭મી ડીસેમ્બરના રોજ '' સશસ્ત્ર સેના ધ્વજદિન '' ઉજવવામાં આવે છે. જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરી, સુરત તરફથી કલેકટર અને પ્રમુખશ્રી, જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનઃવસવાટ કચેરીના અધ્યક્ષપણા હેઠળ તા. ૩૦–૧૧–૨૦૦૫ ના રોજ કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ સમારંભમાં સને–૨૦૦૪ના વર્ષ જીલ્લા કક્ષાએ દેશ સેવાની એક ઉમદા કામગીરી કરી સૌથી વધુ રૂા. ૬,૬૮,૭૪૫/–નો ફાળો એકત્રિત કરવા બદલ સુરત મહાનગરપાલિકાને '' પ્રથમ ઈનામ '' પ્રાપ્ત થયેલ છે. જે બદલ રોટેટીંગ ટ્રોફી (ફરતુ શીલ્ડ), કાયમી શીલ્ડ તથા પ્રમાણપત્ર સુરત મહાનગરપાલિકાને એનાયત કરવામાં આવેલ. જે શ્રી એમ. ડી. દારૂવાળા, કાર્યપાલક ઈજનેરએ સમારંભમાં ઉપસ્થિત રહી મેળવેલ. આ ઉમદા કાર્યમાં સુરત મહાનગરપાલિકા, તમામ અધિકારી અને કર્મચારીગણના તન મન ધનના સહયોગથી છેલ્લા છ વર્ષથી સતત સૌથી વધુ ફાળો એકત્ર કરી પ્રથમ સ્થાન મેળવી રહયા છે  જે ખાસ નોંધનીય છે.



TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા છેલ્લા આઠ માસમાં  રૂપિયા ૨૬૪.૬૩ કરોડની થયેલ જકાત આવક

વર્ષ ૨૦૦૫–૦૬ની મહાનગરપાલિકાની જકાતની આવકનો અંદાજ રૂપિયા ૩૮૦ કરોડ રાખવામાં આવ્યો હતો. ૧લી એપ્રિલથી જકાત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ધ્વારા જકાત આવકના લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જેના પરિણામે મહાનગરપાલિકાની આવકના મુખ્ય સ્ત્રોત સમાન જકાતની આવકના આંકડા જોતા ચાલુ વર્ષે જકાત વિભાગ પોતાનો લક્ષ્યાંક સિધ્ધ કરી શકશે એવી આશા છે. જકાત વિભાગના અધિકારીઓ અને વિજીલન્સ શાખાના સ્ટાફે પણ જકાત ચોરીના દુષણ સામે ઘનિષ્ઠ અભિયાન ચલાવ્યું છે. મનપાના જકાત વિભાગના આ અભિયાનની અસરનો ખ્યાલ જકાતની આવકનાં આંક પર નજર નાંખવાથી આવી શકે છે. જકાત વિભાગ પાસેથી પ્રાપ્ત થતા આંક મુજબ ચાલુ વર્ષે ૧ એપ્રિલથી ૩૦ નવેમ્બર ૨૦૦૫ સુધીના આઠ માસના સમયગાળામાં મહાનગરપાલિકાની જકાતની કુલ આવક ૨૬૪.૬૩ કરોડ થઈ જાય છે. વર્ષ ૨૦૦૫–૦૬નો જકાત આવકનો લક્ષ્યાંક રૂપિયા ૩૮૦ કરોડ છે અને આ લક્ષ્યાંક રૂપિયા સુધી પહોંચવા માટે મહાનગરપાલિકા હજુ ચાર માસ જેટલો સમય છે અને આ સમયગાળામાં જો અન્ય કોઈ અસામાન્ય સંજોગોનું નિર્માણ ન થાય તો પાલિકાની જકાત આવકનો લક્ષ્યાંક સરળતાથી સિધ્ધ થઈ જશે. બજેટમાં જકાત વિભાગ ધ્વારા જકાત આવકનો જે લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો તે પૂર્ણ થવાના સારા સંજોગો હાલમાં જણાઈ રહયા છે. જકાત વિભાગના કર્મચારીઓ હજુ પણ જકાત વસુલાતની કામગીરી વધુને વધુ અસરકારક  બનાવી શકાય તેવા પ્રયત્નોમાં સતત વ્યસ્ત છે.

TOP